July 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ESTD. 1912 સેવા * સહકાર * સંગઠન

Year 13 • Issue 9 / 149
• Mumbai • Page 12 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



તા. ૧૪મી જુલાઈએ બોરીવલી પ્રબોધન ઠાકરે હોલમાં મલાડથી વિરાર સુધીમાં રહેતા પરિવારો માટે શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીનાં ભાગરૂપે સંગીતનો મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મલાડથી વિરાર સુધીના કાર્યકરોનો અદમ્ય ઉત્સાહ ઉડીને આંખે વળગે તેવો હતો. પાટણના અઢી હજારથી પણ વધુ સભ્યો મલાડ થી વિરાર વિસ્તારમાં રહે છે. આ તમામ પરિવારોના સભ્યોનો હોલની મર્યાદાના કારણે સમાવેશ કરવાનું શક્ય ન હતું છતાં વિવિધ સ્થાનિક શ્રી પાટણ જૈન મિત્ર મંડળના કાર્યકરોના સહકાર દ્વારા આ કાર્યક્રમનું સુંદર રીતે આયોજન થયેલ. આ પ્રસંગે **આપણા કાર્યકર્તાઓ અને સભ્યોનો ઉત્સાહ જોતાં ૨૪ નવેમ્બરના આગામી કાર્યક્રમો વર્લીના NSCI Dome જેવી વિશાળ જગ્યાએ રાખવામાં આવ્યો છે** તે નિર્ણય સમયોચીત યોગ્ય ઠરે છે.

તા. ૨૪-૧૧-૨૦૧૯ની શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે આખા દિવસના કાર્યક્રમની વિચારણા ચાલી રહી છે. આ તમામ કાર્યક્રમોમાં આપ સૌ પરિવારજનો તેમજ સ્નેહી સગાંસંબંધી સાથે સહભાગી થશો અને તમામ કાર્યક્રમને સફળ બનાવશો તેવી આશા રાખું છું. વિદેશમાં વસતા આપણા સમાજના સભ્યોએ પણ ત્યાં સિદ્ધિનાં સોપાનો સર કર્યા છે શતાબ્દી ઉજવણીનાં આ ઐતિહાસિક પ્રસંગે તેઓ હાજર રહી શકે અને આપણે તેમનું બહુમાન કરી શકીએ તે હેતુથી આ આગોતરું જાહેર આમંત્રણ પાઠવું છું.

**આ વર્ષે બી.ડી.એસ. હાઈસ્કુલ પણ ૭૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી ડિસેમ્બર માસમાં કરી રહી છે,** તે સાથે શતાબ્દી ઉજવણીના ભાગ રૂપે પાટણ ખાતે પણ કાર્યક્રમની વિચારણા થઈ રહી છે. પાટણ ખાતેના આ કાર્યક્રમોમાં સૌ કોઈ હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવે તેવી આશા છે.

ધરતીપુત્ર માટે વર્ષના ૪ મહિના એટલે કે વર્ષાઋતુ ખૂબ જ મહત્વની છે. તેમજ આપણે માટે પૂણ્ય કમાવવા ચોમાસાના ૪ મહિના મહત્વના છે હવે આપણે સગવડતા માટે ચોમાસુ અષાઢી ચૌદસથી સંવત્સરી સુધીનું બનાવી દીધું છે. આ સમય દરમ્યાન આપણે સત્કાર્યો દ્વારા તપ-જપ દ્વારા પૂણ્યનું ભાથું બાંધવા વિવિધ અનુષ્ઠાનોમાં જોડાતાં હોઈએ છીએ. **પૂજ્ય સાધુ ભગવંતો અનેક ઉપાશ્રયોમાં વ્યાખ્યાન દ્વારા, શિબિર દ્વારા આપણને ચેતનવંતા બનાવે છે, ધર્મની આરાધના દ્વારા આપણે વધારેને વધારે પૂણ્યનું ઉપાર્જન કરીએ તે જ અભ્યર્થના.**

અને છેલ્લે....આપ સર્વેને,<br>
સાધનાના કાગળ ઉપર,<br>
ભાવનાથી ભરેલા અક્ષરો,<br>
અહીંસાની લીપીમાં આલેખી,<br>
જાગૃતિપૂર્વક અંતરથી કહું છું,<br>
**મિચ્છામી દુક્કડમ્...**

❑ દિનેશ શાંતિલાલ શાહ

## ટ્રેડફેર અંગે અગત્યની જાહેરાત

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા તા. ૧૪ તથા ૧૫ સપ્ટેમ્બરના યોજાયેલ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેર, **NSCI Domeના સંચાલકો દ્વારા સંસ્થાને ફાળવાયેલ તારીખોની પ્રતિકુળતાના પરિણામે મુલત્વી રાખવામાં આવેલ છે,** જેની નોંધ લેવા વિનંતી. આ ટ્રેડફેરમાં ભાગ લેનાર દરેક સ્ટોલ ધારકોએ આપેલ ચેકની પાવતી/વિગત મંડળના મરીનડ્રાઈવ ખાતેના કાર્યાલયમાં રજુ કરી પોતાના **ચેક પરત મેળવી લેવા નમ્ર વિનંતી છે.**

**NSCI Domeના** સંચાલકોના અનિવાર્ય સંજોગોને આધીન મુલત્વી રખાયેલ ટ્રેડફેરના આયોજનને કારણે સ્ટોલની અરજી કરનારાઓને પડેલ અસુવિધા બદ્દલ દિલગીરી વ્યક્ત કરવામાં આવે છે. હવે પછી યોજાનાર ટ્રેડફેરની તારીખો અનુકૂળતાએ પાટણ પ્રતિબિંબ તથા અન્ય માધ્યમો દ્વારા જાહેર કરવામાં આવશે.

# શતાબ્દી ઉજવણીના પ્રથમ કાર્યક્રમનો અહેવાલ



શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહનું અભિવાદન કરતા મલાડ-કાંદિવલી મિત્ર મંડળના પ્રમુખ શ્રી વિપીનચંદ્ર મફતલાલ શાહ



શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ તથા ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ શાહ

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીના ભાગરૂપે **રવિવાર તા. ૧૪-૦૭-૨૦૧૯ના પ્રબોધન ઠાકરે સભાગૃહ-બોરીવલી** ખાતે મલાડથી વિરાર પર્યંત વસતા પરિવારો માટે એક સંગીતમય કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ જેમાં મંડળના હોદ્દેદારો, ગોરેગામ, અંધેરી, વિલેપાર્લે તથા સાંતાક્રુઝ મિત્ર મંડળના હોદ્દેદારો સહિત ૧૦૦૦થી વધુ ભાઈબહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને આનંદથી નિહાળ્યો હતો.

**સાગર કેન્દુરકર, મુખતાર આલમ શા તથા શૈલજા સુબ્રહ્મણિયમના મધુર કંઠે જુના નવા ગીતોનો** આનંદ લૂંટતા ગુજરાતી ગરબાના તાલે સૌ ઝુમ્યા. આ કાર્યક્રમ દરમ્યાન મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા પાટણ શતાબ્દી ગૌરવ ફંડ તથા શતાબ્દી ઉજવણી ભેટ ખાતે દાન આપનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી.

મંડળના ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ દ્વારા મંડળની શતાબ્દી પર્વની ભવ્યાતિભવ્ય **ઊજવણી ૨૪-૧૧-૨૦૧૯ના દિને NSCI Dome વર્લી ખાતે** યોજેલ છે તેની જાહેરાત કરવામાં આવેલ તેમજ આ પ્રસંગે સકળ સમાજને ઉત્સાહભેર સહભાગી થવા આગોતરું આમંત્રણ આપેલ. ચાલુ વર્ષને શતાબ્દી ઉજવણી વર્ષ તરીકે ઉજવી રહેલ આપણી સંસ્થા શિક્ષણ ક્ષેત્રે જરૂરિયાતવાળા દરેક વિદ્યાર્થીના શૈક્ષણિક ખર્ચની પુરેપુરી રકમ શિષ્યવૃત્તિ કે લોન સ્વરૂપે આપવાની જાહેરાત કરવામાં આવી હતી તેને ઉપસ્થિત સર્વે શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

આ પ્રસંગે મલાડથી વિરાર પર્યંત વસતા પરિવારજનોમાંથી કોકાના પાડાના **શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ પરિવાર** દ્વારા સંસ્થાના **કેન્સર રીલીફ ફંડ ખાતે રૂા. ૧૫ લાખ** તથા ખેતરવસી-શામળાજીની શેરીના હાલ કાંદિવલી વસતા **શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ શાહ** પરિવાર દ્વારા પાટણ શતાબ્દી ગૌરવફંડ ખાતે રૂા. ૧૧ લાખના સમર્પિત થયેલ દાન બદલ પુષ્પગુચ્છ એનાયત કરી દાતા પરિવારજનોનું અભિવાદન કરવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન લક્કી ડ્રોનું આયોજન રાખવામાં આવેલ જેમાં પાંચ વિજેતાઓને વિવિધ આકર્ષક પારિતોષિક એનાયત કરવામાં આવેલ. કાર્યક્રમના સઘળા આયોજનમાં સંનિષ્ઠપણે સેવા આપનાર મલાડ-કાંદિવલી, બોરીવલી-દહિંસર તથા વસઈ-વિરાર પાટણ જૈન મિત્ર મંડળના સર્વે કાર્યકરો પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવેલ. કાર્યક્રમ પશ્ચાત સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી ખુશનુમાં વાતાવરણમાં સૌ વિખરાયા હતાં.



ઉપસ્થિત જન સમુદાય



મલાડથી વિરાર પર્યંતના મિત્ર મંડળના કાર્યકરો સાથે મંડળના હોદ્દેદારો

## તંત્રી સ્થાનેથી...

# વેલકમ પર્યુષણ મહાપર્વ

મરીનડ્રાઈવ સંઘમાં ચાર્તુમાસ બિરાજમાન **મુનિ શ્રી જિનરત્ન વિજય (ડહેલાવાળા)નું પર્યુષણ મહાપર્વને આવકારતું અને તેની મહત્તા દર્શાવતું લખાણ અહીં પ્રસ્તુત કરેલ છે.**

''આત્માને પરમાત્મા અને જીવને શિવ બનાવવાની અનુપમ આરાધનાનું મંગલ માર્ગદર્શન કરાવતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની પાવન પધરામણી થઈ રહી છે. ત્યારે એની ચિંતન યાત્રામાં ઉદાહરણ દ્વારા પ્રવેશ કરીએ.

ગધેડાઓ લઈને ગામ બહાર માટી કામ કરવા આવેલ કુંભારે બધા ગધેડાને વૃક્ષો સાથે દોરડાથી બાંધી દીધા. કિંતુ એક દોરડું ઓછું પડવાથી એક ગધેડો બાંધી ન શકાયો એ તોફાની ગધેડો હતો એથી આમ તેમ તોફાન કર્યાજ કરે. કુંભાર પરેશાન થઈ ગયો. એવામાં એક સંત ત્યાંથી પસાર થયા એમણે કુંભારની પરેશાની નિહાળી ને કુંભારને એક ઉપાય સૂચવ્યો ''આ ગધેડાને વૃક્ષ પાસે લઈ જઈ વગર દોરડે બાંધવાનો માત્ર અભિનય કર ગધેડો આપોઆપ બંધાઈ રહેશે.'' કુંભારે આ ઉપાય અજમાવ્યો અને ખરેખર ગધેડો પોતાની જાતને બંધાયેલ સમજી સ્થિર થઈ ગયો. કુંભારે રાજી થઈને નિરાંતે માટી કામ કર્યું. પણ... પછી સાંજે મોટી સમસ્યા થઈ. કુંભારે એ ગધેડાને ચાલવાના ઈશારા કર્યા તો ય એ જરાપણ ચાલ્યો નહીં અરે ! લાઠી ફટકારી તો પણ ચાલ્યો નહીં થાકીને કુંભાર સંત પાસે ગયો સંતે હસતા હસતા કહ્યું પહેલાં તું એને છોડવાનો અભિનય કર પછી જ એ ચાલશે કેમ કે એ તો પોતાની જાતને બંધાયેલો સમજે છે. કુંભારે એમ કર્યું અને ગધેડો તરત ચાલવા માંડ્યો. ગધેડાની આ વાત અહીં પૂર્ણ થાય છે. અને આપણી વાત શરૂ થાય છે. **અણસમજ - અજ્ઞાનનાં કારણે ગધેડો જેમ દેખાવને વાસ્તવિક બંધન સમજી બેઠો હતો તેમ લગભગ બધા સંસારી જીવો દેખાવના પોતિકા પદાર્થોને સાચે સાચ પોતિકા સમજી એના પ્રત્યેના રાગ દ્વેષના કાતિલ બંધનોથી બંધાઈને સંસાર પરંપરાને અવિરત અખંડ લંબાવ્યે જાય છે.** માટે જ તો પરમ પાવન શ્રી સૂત્રકૃતાંગ આગમ એલાન કરે છે. **''ममाती लुट्यति बाले अन्न मन्ने हिं मुच्छि ए''** પરસ્પર સ્નેહપાશથી બંધાયેલો અજ્ઞાની આત્મા મમત્વથી જ વિનાશ પામે છે. અર્થાત રાગદ્વેષની પોતાની ભવ પરંપરાને આગળ ધપાવે છે. પર્યુષણ મહાપર્વ ભવભ્રમણના મૂલરૂપ રાગદ્વેષનો હ્રાસ-નાશ કરવાના દિવસો છે.

દરેક દર્શન, દરેક ધર્મ સંસ્થા, તિથિ-તહેવારને તેના પર્વોને માનનારા હોય છે. જુઓ **बहुसु तिहीसु य यव्वणीसु य उस्सवेसु य अन्नेसुं य- (જાગ.સૂ. ૩૮૪)** વૈષ્ણવોમાં, બ્રાહ્મણોમાં તેમજ તમામ જ્ઞાતિઓમાં ધર્મમન્તવ્યાનુસાર પર્વો તથા તહેવારો - યોજાયેલાં છે. **(तिहिसु य त्ति मदनत्रयोदश्यारितिथिषु पव्वणीसु य त्ति पर्व्वणीषु च कार्तिक्यारिषु उस्सवेसु य प्रियसदमादि महेषु ભગ. ટીકા)** રાજકીય સંસ્થાઓમાં રાજકીય ધ્યેય પાર પાડવા માટે તહેવારો તથા પર્વો રાખવામાં આવેલા છે. જૈન શાસનમાં પણ જૈન દર્શનના ધ્યેયાનુસાર તે પ્રકારના પર્વો તના તહેવારો નિયત છે.

**પ્રશ્ન - પર્વ અને તહેવારમાં ભિન્નતા શું ?**

**જવાબ - પૂ. સાગરજી મહારાજે આનો સરસ મજાનો ઉત્તર આપ્યો છે, તેઓ કહે છે. માસિક કે વાર્ષિક નિયમિત સમુદાયની અપેક્ષાએ હોય તે પર્વ એક વસ્તુની મહત્તા માટે જે ઉત્સવ જોડાય તે તહેવાર જેમકે શ્રી મહાવીર ભગવાનનો નિર્વાણ કલ્યાણક દિવસ તે દિવાળી.**

પર્યુષણ એ તો પર્વ નહીં પણ પર્વાધિરાજ છે. દુનિયાના સર્વધર્મોના પર્વોનું તહેવારોનું સુક્ષ્મદ્રષ્ટિએ નિરીક્ષણ કરીએ તો જૈન ધર્મોના પર્વો-તહેવારો અલાયદા તરી આવે છે. અન્ય ધર્મના તહેવારો શરીર સાથે સંકળાયેલા છે. તેમાં શરીર શણગારવાની વાત છે. તેમાં ખાવું પીવું નાચ-ગાન ઈન્દ્રિયોની વૃત્તિઓ વધુ બહેકે એવી પ્રવૃત્તિઓમાં લીન બને છે. જ્યારે જૈન ધર્મ એ આત્માનો ધર્મ છે. તેના તમામ અનુષ્ઠામાં શાંતિ, પવિત્રતા અને શુદ્ધિની જ વાતો હોય છે. તેના તીર્થો હવા ખાવાના નહીં પણ આત્મામાં પવિત્રતા પ્રગટાવવાના હોય છે. જૈનોને પ્રાયઃ ત્રણ પદાર્થો પર પુષ્કળ શ્રદ્ધા હોય છે. **૧. મંત્રાધિરાજ શ્રી નવકારમંત્ર ૨. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ૩. પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વ**

જૈન માત્રની સવાર નવકારમંત્રના સ્મરણ પૂર્વક શરૂ થાય છે અને જીવનના અંતિમકાળે નવકાર મંત્રનું સ્મરણ આવે તેવી અંતરની ઈચ્છા હોય છે. જીવનમાં એક વાર તો તે શત્રુંજય ગિરિરાજની યાત્રા કરેજ.

પર્યુષણ મહાપર્વ આવે એટલે બધા સજાગ થઈ જાય. બધાના હૃદયમાં સમગ્ર વર્ષના પાપો ધોવાની ભાવના રમવા લાગે સંવત્સરી પ્રતિક્રમણ તો ન જ ચૂકે. ઉપાશ્રયમાં કયાંય જગ્યા શોધી ન મળે, પ્રતિક્રમણ કરતાં કરતાં હૃદયમાં ક્ષમાપનાના ભાવો ઉભરાતા જાય છે. વિશ્વના જીવમાત્ર પ્રત્યેની મૈત્રી પ્રગટ થાય. ભૂતકાળમાં પેદા થયેલા કટુભાવો ખંખેરાવા લાગે. સ્નેહના ઝરણા વહેવા લાગે **''વસુધૈવ કુટુંબકમ્'' ની** લાગણી અનુભવતા તેઓ પોતાની જાતને ધન્ય બનાવે માટે તો જૈનોના હૃદયમાં વસેલા આ પર્વને પર્વાધિરાજ કહેવાય છે. જેમ ખેડૂતો ચોમાસામાં વાવણી કરવા તત્પર બને છે, તેમ જૈનો પણ ચોમાસામાં પર્યુષણપર્વની ઉત્કંઠાથી રાહ જુએ છે. પર્યુષણ પર્વની પુનિત પધરામણી થતાં ચારે બાજું આનંદ ઉલ્લાસ વ્યાપી જાય, સવારથી પ્રતિક્રમણના ઘોષ સંભળાવાના ચાલું થાય, આઠે દિવસ ધર્મરાજાનું સામ્રાજ્ય ચારે બાજુ ફેલાતું જણાય છે. ભાવનાશીલ શ્રાવક/શ્રાવિકાઓ પૌષધ કરીને સાધુ-સાધ્વી ભગવંત જેવું જીવન જીવે છે.

**पर्वाणि सन्ति प्रोक्तानि बहुनि श्री जिनागमे।**
**पर्युषणा समं नान्यत् कर्मणां मर्म  भेदकृत्।।**

શ્રી જિનેશ્વરો આગમશાસ્ત્રોમાં ઘણા પર્વો કહ્યા છે. પરંતુ કર્મોના મર્મ સ્થાનને ભેદનારું પર્યુષણ જેવું અન્ય કોઈ પર્વ નથી.

પુણ્યનું પોષણ અને પાપોનું શોષણ કરનારું આ પર્વ આવી રહ્યું છે, તો ચાલો આપણે તે પર્વને હર્ષથી વધાવીએ અને કહીએ Welcome પર્યુષણ પર્વ.''

**વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા સમાજના વાચકોની લાગણી દુભાઈ હોય તો પર્યુષણ પહેલાં સંસ્થા અને સંપાદક સમિતિનાં અંતઃકરણપૂર્વક મિચ્છામી દુક્કડમ્.... !** ❑ **સંપાદક સમિતિ**

## શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર (પાટણ)

કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા મહાન વિદ્વાન અને સમર્થ આચાર્યથી પાટણ નગર વિભૂષિત થયું હતું. તેમણે સિદ્ધરાજ તથા કુમારપાળને બોધ આપી જૈન શાસનનો પ્રભાવ માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ ગુજરાત બહાર અનેક પ્રદેશોમાં પ્રવર્તાવ્યો હતો. તેઓએ આ નગરમાં રહી અનેક ગ્રંથોની રચના કરી હતી અને ત્યારબાદ સૈકાઓ સુધી આ જ્ઞાનોપાસના સતત ચાલતી જ રહી.

**પાટણના પ્રાચીન ગ્રંથભંડારોમાં અમૂલ્ય સાહિત્ય સચવાતું રહ્યું. તેમ છતાં આ ભંડારોમાંના કેટલાયે તાડપત્રીય તેમજ કાગળ ઉપરના હસ્તલિખિત ગ્રંથોના રક્ષણની વ્યવસ્થાના અભાવને કારણે નાશ થવા માંડ્યો હતો. કેટલાય ગ્રંથોના ટુકડા થઈ જવાથી તેની ગુણો ભરી ચોમાસાના વખતે નદીમાં પધરાવી દેવામાં આવતા હતા. કેટલાયે ગ્રંથો ચોરાઈ ગયા તેમજ વેચાઈ ગયા. મુસલમાનોના જમાનામાં પાટણના કુનેહબાજ જૈનોએ બચાવી શકાય તેટલા ગ્રંથઓ છુપાવી દીધા અને કેટલાક જેસલમેર જેવા અન્ય ભંડારોમાં મોકલી દીધા.**

શ્રી મન્મુનિ મહારાજ શ્રી કાંતિવિજયજી પ્રવર્તકે સતત કેટલાંક વરસ સુધી પાટણમાં ચોમાસું રહી, સતત અને સખત પરિશ્રમ કરી આ ભંડારોના ખવાઈ ગયેલાં પુસ્તકો ફરીથી લખાવી તથા કેટલાંકને સમરાવીને ભંડારો શક્ય તેટલા વ્યવસ્થિત કર્યા. તેઓની આ વિરલ જ્ઞાનોપાસના અંગે સ્વતંત્ર ગ્રંથ તૈયાર થાય તે ખૂબ જ જરૂરી છે.

પાટણના ભંડારોમાં અમૂલ્ય સાહિત્ય છે, તે હકીકત મુંબઈ, વડોદરા, પૂના તેમજ યુરોપના વિદ્વાનોના જાણવામાં આવી અને પાટણના ભંડારોના સાહિત્યમાં વધુ ને વધુ રસ લેવા માંડ્યો. શ્રીમંત સયાજીરાવ મહારાજાએ વડોદરાની લાઈબ્રેરીના સંસ્કૃતના સ્કોલર શ્રી સી.ડી. દલાલને ઈ.સ. ૧૯૧૪માં પાટણ મોકલી ગ્રંથોનું લિસ્ટ કરાવ્યું તથા કેટલાક ગ્રંથો છપાવ્યા. શ્રી દલાલ અચાનક ગુજરી જવાથી તે કામ અધૂરું રહી ગયું.

પાટણના આ તમામ ભંડારોને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, તેમના શિષ્ય વારસો આપ્યો છે. આવા જગ વિખ્યાત પુરુષનું નામ આ જ્ઞાનમંદિર સાથે જોડી તેમનું કાંઈક ઋણ અદા કરવામાં આવ્યું છે. પાટણની સ્થાપના થઈ ત્યારથી આજે ૧૨૦૦ (બારસો) વર્ષે પણ પાટણની પ્રજા આ જ્ઞાનભંડારોને લઈને અભિમાન સેવે છે.

**તાડપત્ર તથા કાગળ ઉપર જુદા જુદા સમયે લખાયેલા આવા ૨૪૦૦૦ ગ્રંથોની મહત્વની જરૂરી વિગત સાથેની સૂચિ યાદી પૂ. આ. પ્ર. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે અનેક સહકાર્યકરો - જાણકારોની મદદથી જાત દેખરેખ નીચે તૈયાર કરાવી હતી.**

**શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર તથા પાટણના અન્ય જ્ઞાનભંડારોમાંના હસ્તલિખિત ગ્રંથોની સૂચિનો ગ્રંથ આ. શ્રી જમ્બુવિજયજીએ સંપાદિત કર્યો છે. Catalogue of Manuscripts of Patan Jain Bhandar Part 1,2,3 and 4 - ગ્રંથ પાટણનાં ગ્રંથ ભંડારોની માહિતી આપતો અમૂલ્ય ગ્રંથ છે.**

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર એ પાટણની જૈન પરંપરામાં જ્ઞાનની ઉપાસનાના માહાત્મ્યનું પ્રતિક છે.

**(સંકલન)**

### વટ અને પ્રભાવ

***વટ અને પ્રભાવમાં ફરક છે.***
***હોદ્દાનો વટ પડે છે, જ્યારે ચારિત્ર્યનો પ્રભાવ પડે છે.***
***વટ કરતા પ્રભાવનું આયુષ્ય લાંબુ હોય છે.***
***હોદ્દાથી નિવૃત થાવ ત્યારે વટ ખતમ થાય છે,***
***પણ પ્રભાવ ક્યારેય ખતમ થતો નથી.***


### શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

## ''દુખીને ટેકો એજ સાચી સાંત્વના છે''

શનિવારની સંધ્યાના સુરજના કિરણો ધરતી ઉપર પથરાઈ ગયા અને સંધ્યા રમ્ય અને મધુર લાગતી હતી. એવા સમયે સુરેશ બહારગામથી ઘરે પાછો ફરતો હતો અને પોતાના પુત્રના પરિણામની જાણ માટે આતુર હતો અને વિચારતો હતો તેના માટે શું ગિફ્ટ લઈ જાઉ પણ મનોમન નક્કી કર્યું ના એને સાથે લઈ તેની ગમતી ગિફ્ટ અપાવું. ઘરે પહોંચ્યો ત્યારે ઘરમાં નીરવ શાંતિ હતી. પત્નીએ પ્રેમ ભર્યો આવકાર સાથે પાણી - કોફી અને ગરમ નાસ્તો કરાવી કહ્યું, ''મલયને ૯૦.૫ ટકા આવ્યા છે તેથી તે ખૂબજ નિરાશ થઈ ગયો છે, મેં તેને પરાણે જમાડીને શાંતિ આપી સુવાડી દીધો છે, તે બોલતો હતો પપ્પાએ ખૂબજ પૈસા મારા ટ્યુશન માટે ખર્ચ કર્યા છે, માટે તેઓ જરૂરથી ગુસ્સે થશે તો તમે જરૂરથી તેને સંભાળી મનાવી લેશો.

**''તું ચિંતા ના કર ઉઠે ત્યારે હું વાત કરીશ.''**

**''બેટા મલય તું શાની ચિંતા કરે છે, આવું તો થાય, સમય સમય કી બાત હૈ, સમય બડા બળવાન હૈ, નહીં મનુષ્ય બળવાન, કાબે અર્જુન લૂંટાયા, વહી ધનુષ્ય વહી બાણ.''**

શ્રી અર્જુન આગળ આપણે શું ? તને ખબર છે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડૉ અબ્દુલ કલામ સાહેબ એરફર્સના પાયલટ તરીકે પરીક્ષા આપવા ગયેલા તેમને વિશ્વાસ હતો કે તેઓ જરૂરથી નિયુક્ત થશે પણ સમય આગળ તેઓ લાચાર થયા. તેઓ જરાપણ નિરાશ ન થયા અને પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરી જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યનો આશિર્વાદ લેવા ગયા અને થોડા વર્ષો પછી તેઓ ભારતના રાષ્ટ્ર પ્રમુખ બન્યા. ત્યારે આ ત્રણે કમાન્ડરોએ તેમને સલામી આપી. તેઓ નિરાશ થઈને બેસી રહ્યા હોત તો રાષ્ટ્ર પ્રમુખ બની શક્યા હોત ? તને માર્ક ઓછા આવ્યા છે તો મુંબઈ નહીં તો બહારગામ હું તને એડમિશન અપાવીશ. નહીં તો તને અમેરિકામાં ભણવા મોકલીશ. તું ચિંતા નહીં કરતો ચાલ આ માટે આપણે બધાજ તારી મનગમતી હોટલમાં જમવા જઈએ. બેટા જિંદગીમાં ખ્યાલ રાખજે **''કદમ અસ્થિર હોય એને રસ્તો નથી જડતો, પણ અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.''**

આ સાંભળી મલયના પારદર્શક મુખ અને મનમાંથી નિરાશાના વાદળો અને આંખમાંથી આંસુના તોરણો ખસી ગયા. રાતના સુતી વખતે મલય તેના ભાઈ મનન અને ધ્વનીને પૂછતો શું આ બધુ પપ્પા કરશે ? જેઓએ આપણી માંગણી છતાં પણ ભારે આઈ ફોન પણ નથી અપાવતા કે નથી સારી હોટલમાં જમવા લઈ જતાં. તેમજ પાટણ-પાલીતાણા સિવાય કશે પણ ફરવા નથી લઈ ગયા અને આ બહારગામ અને અમેરિકા ભણવા જવાનો જંગી ખર્ચ કરશે ? ખેર જોઈએ !

બીજે દિવસે સવારનાં મલય વહેલો પાંચ વાગે ઉઠીને જોયું તો પપ્પા આઈપેડ ઉપર બહારગામની કોલેજના નામ એડ્રેસ તેમજ ફોર્મ મંગાવવા ઈમેલ કરતા હતા અને નોટબુકમાં ફુલ ડિટેલ લખતા હતા. આ જોઈ મલય પપ્પાને વળગી કહેવા લાગ્યો, ''પપ્પા યુ આર ગ્રેટ હું ક્યારે પણ નહીં ભુલું. બેટા મેં કશી જ નવાઈ નથી કરી આ તો મારી ફરજ છે માટે તું નંચિત રહી આનંદમાં રહે હું બેઠો છું બધુજ કરીશ.

❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊

ઓફિસના કામમાં એકદમ વ્યસ્ત સુરેશને પાડોશી વિનોદબેનનો ફોન આવ્યો. ''સુરેશભાઈ મૃદુલાબેન દાદરો ઉતરતા પડી ગયા છે. અમો બધા પાડોશી તેમને ભાટીયા હોસ્પિટલમાં લઈ ગયા ત્યાં ડોક્ટરે કહ્યું જમણા હાથ અને જમણા પગમાં તડ પડી ગઈ છે. તો ૨૧ દિવસનું પ્લાસ્ટર માર્યું છે અને હવે અમો ઘરે જઈએ છીએ. તમો ચિંતા કર્યા વગર શાંતિથી તમારા ઘરે આવો અમો બધા તેમનું ધ્યાન રાખીએ છીએ.''

મૃદુલા વિચારતી હતી સુરેશ ખૂબજ ચિડાશે અને કહેશે ધ્યાન રાખીને ઉતરવું જોઈએ નાહક આખા ઘરને તકલીફ તેથી સુરેશના ઘરે આવતાં મૃદુલા ચોધાર આંસુએ રડી પડી.

''અરે ગાંડી રડે છે શું કરવા ? ભગવાનનો ઉપકાર માન કે તારું દર્દ શુળીના બદલે સોયે ઉતારી દીધુ તે ખૂબજ પુણ્ય અને સારા કર્મો કર્યા હશે તેથી ઓપરેશનના બદલે પ્લાસ્ટરથી પતી ગયું. જિંદગીમાં તે આરામ કર્યો નથી તેથી આરામ કરવાની અમૂલ્ય તક મળી છે. આ આરામમાં જિંદગીના જુના પાસા જોવાના અને ભવ્ય જિંદગી જીવવા માટેનો વિચાર અને પ્લાન કરવાની તક આપી સમજજે. કહેવાય છે ''દર્દી જો દર્દને વાગોળ્યા કરશે તો દર્દ તેનો પીછો નહીં છોડે અને માંદગીને માંદગી ન સમજતી, પ્રભુમય અને આનંદમય રહેવાના દિવસો મળ્યાં સમજજે. ઘરમાં બન્ને ટાઈમ રસોઈ કરવા મેં ભારતીબેનને કહ્યું છે. જે રસોઈ કરી જશે અને તારા દેરાસર જવા માટે મેં ટેક્ષીવાળા સંજયને કહ્યું છે તે સવારના લઈ જશે અને લાવશે માટે આનંદમાં રહેજે. ખ્યાલ રાખ.

**કવિએ કહ્યું છે,**

**''ક્યાંક રાહત છે જિંદગી તો ક્યાંક હરકત છે જિંદગી**
**ફુલ અને કાંટા બેઉની રંગત રાખે છે, આ જિંદગી.''**

❑ **સુરેશભાઈ સુરજમલ ચોધરી**


**જગા વેચવાની છે**

**પીપળાની શેરી, ચીનુભાઈના રસોડા પાસે, પાટણ**
**૨૦૦૦ સ્કે.ફુટ જગા ભાડુઆત સાથે વેચવાની છે.**
**તેનો બીજો દરવાજો તંબોલીવાડામાં પડે છે.**
**સંપર્કઃ જશવંતલાલ અમૃતલાલ શાહ**
**ફોન નં. ૦૨૭૬૬-૨૨૭૧૦૨**
ADVT

## Details of corpus and sahay for Medical

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Applications Received | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| | 2018 - 2019 | | | |
| **Medical Relief**<br>Smt.Sudhaben Pannalal Chudgar Fund | 49.06 | 76 | 16.42 | 8.16 |
| **Medicine Relief**<br>Shri Pravinchandra Keshrichand Shah | 61.11 | 366 | 17.72 | 10.42 |
| **Mother & Child Health Care**<br>Smt. Subhadraben Vrajlal Ambalal Shah Fund | 12.30 | 10 | 3.19 | 1.42 |
| **Pediatric Treatment**<br>Smt Madhurika Narendra Shah Fund | 16.00 | 3 | 1.50 | 0.70 |
| **Neurological Treatment**<br>Smt.Sushilaben Kantilal Nagardas Shah Fund | 5.51 | 8 | 8.67 | 3.48 |
| **Kidney Treatment**<br>Shri Champaklal Mafatlal Chudghar Fund | 19.50 | 27 | 20.30 | 4.77 |
| **Cancer Treatment**<br>1. Jabhalawala Pariwar Fund<br>2. Shri Kirtilal Somchand Shah Fund<br>Cancer Fund General Mandal Fund | 22.64<br>8.01<br>0.50 | 14 | 8.46 | 4.14 |
| **Cancer Surgery**<br>Shri Chandrakumar Manilal Uttamchand Zaveri (SAHEBA) Fund | 11.11 | 1 | 5.16 | 0.75 |
| **Eye Check-up**<br>Smt. Maniben Amrutlal Jeshinglal Shah (Pattni Opticians) Fund | 7.06 | 20 | 4.37 | 2.64 |
| **Heart Care Treatment**<br>1. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund<br>2. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | 53.50<br>10.11 | 75 | 24.84 | 9.45 |
| **Orthopedic Treatment**<br>Smt. Kalavati Kantilal Mafatlal Chudgar Fund | 10.29 | 22 | 4.12 | 2.21 |
| **ENT Treatment**<br>Smt. Gulabben Ramanlal Nagindas Shah Fund | 25.00 | 2 | 0.09 | 0.06 |
| **Diabetes**<br>Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 7.51 | 57 | 14.71 | 6.27 |
| **Dialyses**<br>Nirmalaben Ravindrabhai Mohanlal Shah Fund | 23.00 | 2 | 0.62 | 0.30 |
| **Dental Surgery**<br>Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah Fund | 25.00 | 14 | 1.88 | 0.91 |
| **Investigation & Diagnosis**<br>1. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund<br>2. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 5.51<br>5.51 | 74 | 4.22 | 1.92 |
| **Mediclaim Floater Policy**<br>1. Smt. Shardaben Babubhai Kalidas Shah<br>**Mediclaim Policy Premium Reimbersement**<br>1. Shri Bhogilal Chunilal Jhaveri Fund<br>2. Shri Devchand Nagardas Zaveri Fund<br>Mediclaim Fund General Mandal | 89.20<br>15.0<br>11.0<br>1.11 | 563 | 41.68 | 16.66 |
| **Medical Fund General Mandal** | 131.03 | | | |
| **Total** | **625.57** | **1334** | **177.98** | **74.26** |

# Details of corpus and sahay for Education

| | 2018 - 2019 | | | |
|---|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Applications Received** | **Requirement Rs.in Lacs** | **Sanction R.in Lacs** |
| **Pre Primary**<br>Maulik-Divyabalaben<br>Navinchandra Shah Fund | 25.00 | 12 | 3.29 | 1.68 |
| **Std. I to IV**<br>Smt. Lilavati Khoobchand<br>Sarupchand Shah Fund | 10.18 | 26 | 7.29 | 3.73 |
| **Std.V to Graduation & Text book**<br>1 Sevantilal Kantilal Trust Fund<br>2 Shri Deepakbhai Champaklal Zaveri Fund | 100.07 | 102 | 27.38 | 15.14 |
| Text book | 15 | 24 | 0.30 | 0.22 |
| **Higher Education Books**<br>Shri Vadilal Chunilal Shah Fund | 10.50 | 2 | 0.14 | 0.08 |
| **Post Graduation Education**<br>Shri Amrutlal Mulchand Shah Fund | 10.51 | 5 | 2.60 | 1.81 |
| **Information Technology**<br>Shri Pankaj Chandrakumar<br>Manilal Zaveri (Saheba) Fund | 7.56 | 7 | 4.51 | 1.35 |
| **Computer Education**<br>Shri Popatlal Bhikachand Zaveri Fund | 8.50 | 2 | 1.60 | 1.00 |
| **Vocational Courses**<br>Smt.Hasumatiben Rameshchandra<br>Bapulal Shah Fund | 25.11 | 5 | 4.51 | 1.95 |
| **Buisness & Management**<br>Shri Jagdishbhai Manilal Sanghavi Fund | 15.00 | 5 | 2.58 | 1.77 |
| **Post-Graduation Merit Scholarship**<br>Keshavlal Kilachand Charitable Trust Fund | 2.00 | 2 | - | 0.20 |
| **Tutorials Class Education** | | 28 | 16.87 | 6.36 |
| 1 Shri Yashvadan Jesinglal Choksi Fund | 8.03 | | | |
| 2 Smt.Kusumben Rasiklal Himatlal Shah Fund | 25.11 | | | |
| **C.A.** | - | 5 | 1.65 | 0.71 |
| **Company Secretary** | - | 1 | 0.80 | 0.40 |
| **Finance** | - | - | - | - |
| **Engeeniring**<br>Smt. Gunvantiben Pravinchandra<br>Keshrichand Shah Fund | 25.11 | 14 | 12.65 | 5.32 |
| **Womens Udhyam Talim**<br>Smt. Nirmalaben Shantilal<br>Rikhavchand Shah Fund | 11.78 | - | - | - |
| **Hostel** | - | 5 | 1.70 | 0.43 |
| **Medical Education**<br>Pramodbhai Bhogilal Uttamchand Zaveri Fund | 25.00 | 3 | 3.50 | 1.25 |
| **Shikshan Sahay Fund Mandal** | 132.50 | | | |
| **Grand Total** | **456.96** | **249** | **92.24** | **43.40** |
| **Revolving Fund ( Education ) Loan** | 174.00 | 14 | - | 36.55 |

# સબકુછ સીખા હમને
# ના સીખી હોંશિયારી...

ભીની ભીની માટીની માદક મહેંક આવે, વર્ષારાણીનું આગમન થાય. લીલી લીલી હરિયાળીનો નજારો જોવા મળે. કુદરતનો કરિશ્મા બદલાતા ગ્રીષ્મ ઋતુની ગરમીથી ત્રસ્ત થયેલાં સૃષ્ટિના જીવો શીતળતાનો સ્પર્શ માણતા હોય એ જ સમયે અંગ્રેજી કેલેન્ડર મુજબ જૂન મહિનાની શરૂઆત જ વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાનાં ચહેરા પર ઠંડકની બદલીમાં ઉકળાટ અને ચિંતાની રેખાઓ અંકિત થઈ જાય. પોતાના વ્હાલસોયા સંતાનોના વાર્ષિક પરિણામ તો આવી ગયા હવે ટેન્શન શરૂ થઈ ગયું છે એડમિશનનું.

આ તો શિક્ષણનો યુગ છે, સંતાનો ડબલ ગ્રેજ્યુએટ નહીં થાય, માસ્ટર્સની ડીગ્રી જો ન મેળવી શકે તો કેમ ચાલશે ? માતા-પિતાને આ બાબતમાં ચિંતા થાય તે તો સ્વાભાવિક છે, પણ ક્યારેક તો પિતા કરતાં માતા વધારે પડતી ચિંતા કરીને નાહકની માનસિક બિમારીને નોતરે છે, તેનું કારણ એજ છે કે દરેક માતાઓ પોતાના બાળકો પ્રત્યે વધારે પડતી આશા રાખે છે. બાળકો જેવા બોર્ડની પરીક્ષા આપવા તૈયાર થઈ જાય ત્યારથી જ માતા-પિતાને તો એમજ લાગે છે કે આખું વર્ષ મારા દીકરાએ સખત મહેનત કરી છે, સ્કૂલમાં તો હંમેશા પહેલા - બીજા નંબરે જ પાસ થયો છે, તો બોર્ડમાં ૯૫ ટકાથી પણ વધારે તો આવશે જ. બધાજ વિષયોમાં પ્રથમ રહેવા એક પછી એક ટ્યૂશન ક્લાસીસમાં દોડાદોડી કરી છે, શું આમ બને છે ખરું ? ક્યારેક નથી પણ બનતું. ધાર્યું પરિણામ નથી મળતું. સ્કૂલમાં ક્લાસમાં ૫૦ બાળકોની વચ્ચે પરિણામ આવતું ત્યારે બોર્ડની પરીક્ષામાં તો લાખો વિદ્યાર્થીઓની વચ્ચે રેસ ચાલે છે તો ક્યારેક થોડાક વિદ્યાર્થીઓ ટકાવારીમાં પાછળ રહી પણ જાય.

એક નાનો ચાર વર્ષનો બાળક સ્કૂલમાંથી ઘરે આવ્યો. તેનાં ખિસ્સામાં શિક્ષકે એક ચિઠ્ઠી લખીને આપી હતી. બાળકે તે ચિઠ્ઠી માતાને આપી. તે વાંચી તેમાં લખ્યું હતું, ''તમારો ટોમી એટલો બધો બેવકુફ છે, જે જીવનમાં કંઈ જ સીખી નહીં શકે. તમે એને સ્કૂલમાં મોકલતા નહીં.'' ત્યારે એ બાળકની માતા સ્કૂલમાં ગઈ અને શિક્ષકને સામો જવાબ આપ્યો, મારો ટોમી બેવકુફ નથી. હું જાતે જ તેને ભણાવીશ. એ જ ટોમી મોટો થઈને મહાન 'થોમસ એડીસન' બન્યો જે માત્ર ત્રણ મહિના સુધી જ સ્કૂલમાં ગયો હતો.

દરેક સફળતાની કહાની પાછળ અસફળતા છૂપાયેલી છે. દરેક માત–પિતાએ આ વાતને સમજી લેવાની જરૂર છે. **આવા સમયે માતા-પિતાની ફરજ એ બને છે કે પોતાના બાળકને કદાચ ટકા થોડા ઓછા પણ આવ્યા હોય તો તેને આશ્વાસન આપી ફરીથી હિંમત રાખીને જીવનમાં આગળ વધવાનો માર્ગ બતાવે. 'Life is full of choice and compromise' આંસુ સારતા બેઠા રહેવાને બદલે નવી દિશામાં, નવા પ્રયત્નો કરીને જીવનમાં સમાધાન સાથે નવી કેડી પર કદમ માંડવાની શરૂઆત કરવી જોઈએ.**

''ભણ્યો પણ ગણ્યો નહીં'' આ કહેવત આપણે બધા ઘણીવાર બોલીએ છીએ અને બીજા પાસેથી સાંભળીએ પણ છીએ. આમાં બે ભાવવાચક શબ્દો છે. ભણ્યા ઉપરથી ભણતર અને ગણ્યા ઉપરથી ગણતર, ભણતર તો શાળા / કોલેજોનાં શિક્ષણમાંથી મળે છે, જ્યારે ગણતર એ રોજિંદા અનુભવમાંથી ઘડાતી એક પ્રક્રિયા છે. ભણતરમાં માત્ર પુસ્તકનું જ્ઞાન છે, જ્યારે ભણતરનો સાર સમજવા માટે ચાર શબ્દોનો માત્ર સરવાળો કરવાનો છે. ''આત્મ વિશ્વાસ - આત્મસન્માન - સ્વ નિર્ભરતા - વિનય - વિવેક.'' સફળતા અને નિષ્ફળતા આ વિષય પર ઘણીવાર રીસર્ચ થાય છે, પણ સફળ થયેલી વ્યક્તિઓના જીવન પર નજર કરીએ તો જાણવા મળે છે કે નિઃસંદેહ ઉપરના ચાર શબ્દોના સરવાળાએ જ તેમને ગુણાકારમાં બદલીને જ સફળતા અપાવી છે, ઘણા કહેવાતા 'ઠોઠ નિશાળિયા' તેમના જીવનની બાજી જીતી ગયા છે. જીવનની પરીક્ષામાં અવ્વલ નંબરે રહ્યા છે. સમજવાનું એ છે કે પોતાની પ્રતિભાને વિકસાવવા માટે કોઈ સિલેબસ કામમાં નથી આવતું.

માત્ર અઢી કે ત્રણ કલાકના પેપર્સની બહાર જઈ સંજોગોની સામે પરીક્ષા આપતાં જે ઈમ્પોરટેન્ટ જવાબ આવડે તેને જ હોંશિયારી કહેવાય. માતા-પિતાએ પોતાના મનમાંથી, વિચારોથી, વાણી વર્તન દ્વારા બાળકોના ભણતર વિશેની સફળતા - નિષ્ફળતાની વ્યાખ્યા બદલવી પડશે તો જ નવી પેઢીની માનસિક તંદુરસ્તી જળવાશે જે વિદ્યાર્થીઓને કદાચ ઓછા ટકા આવ્યા હોય તો નિરાશ ના થતાં.

**Don't be afraid of moving forward**
**રાખ ભરોસો ખુદ પર, શાને શોધે ફરિસ્તાઓ ?**
**સમંદરના પંખીઓ પાસે ક્યાં હોય છે નકશાઓ ?**
**તોયે શોધી લે છે ને રસ્તાઓ.... !**
**Best Wishes for your Bright Future**

❑ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**


## પાટણ પ્રતિબિંબ

**(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે) ફોર્મ નં. ૪**
**'પાટણ પ્રતિબિંબ' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| પ્રસિદ્ધિનો સ્થળ | : | **શ્રી પાટણ જૈન મંડળ**<br>૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ-૨૦ |
| પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિને તા. ૨૫ અથવા ૨૬ મી |
| મુદ્રકનું નામ | : | ફકરી પ્રિન્ટર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૩૧૨/એ, ભાયખલા સર્વીસ ઈન્ડસ્ટ્રી,<br>દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ -૨૭. |
| પ્રકાશનું નામ | : | **શ્રી પાટણ જૈન મંડળ, સંપાદક સમિતિ** |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ઉપર મુજબ |
| તંત્રીનું નામ | : | **શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ** |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ઉપર મુજબ |

હું શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, માનદમંત્રી, સંપાદક સમિતિ આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

મુંબઈ, **સહીઃ ચંદ્રવદન સારાભાઈ શાહ**
તા. ૧૫-૦૭-૨૦૧૯ **માનદમંત્રી - સંપાદક સમિતિ**

## FRIENDSHIP

Life is full of problems, issues
But its you who make it simple,
When no one stands by me,
It’s you who stand by me.
I make a mistake which leads me into a soup,
It’s you who brings me out of it.
You don’t want a sorry from me,
All you want is me to be happy.
When I am looking at a uphill battle,
you are not behind me,
I find you right next to me,
Laughing at everything and anything
They call it being crazy we call it life
You are like that monkey on my back
Who won't leave me even if I want
You get me what I want,
It’s you my friend who makes me want
to write this song.

❑ **Darshil Kamlesh Shah**

***‘નથી’ તેની ચિંતા છોડશો તો***
***‘છે’ તેનો આનંદ માણી શકશો.***

## સાલગિરિ

લાગી લગન મને તારી ઓ શંખેશ્વર,
લાગી લગન મને તારી..
તું ત્રીભુવન હો, ઉપકારી હો શંખેશ્વર,
લાગી લગન મને તારી.
મરીન ડ્રાઈવમાં જ્યારે દાદાની સાલગિરિ આવે,
ભક્તજનોનાં મનડાને ભાવે.
નીત નવી આંગીઓ રચાતિ ઓ વીરજી,
લાગી લગન મને તારી.
સાલગિરિ આવે ને ઓચ્છવો મંડાયે,
પૂજા ભણાવવા મંડળો આવે.
ભક્તિની ધુન મચાવે ઓ સુમતિ,
લાગી લગન મને તારી.
તરીયા તોરણ બંધાય છે દ્વારે,
ઝગમગ ઝગમગ લાઈટો રે થાયે.
મંદિરમાં ઘીના દીવા ટમ ટમ થાય ઓ શંખેશ્વર,
લાગી લગન મને તારી.
પ્રભુજીની મુર્તિ સુંદર સોહાય,
દર્શન કરીને જીવન પાવન થાયે.
ટ્રષ્ટીઓ અને સંઘના મનડાં હરખાય,
સકળ સંઘ આરતીમાં ઓળઘોળ થાય...

❑ **શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ**
(ઉં.વ. ૯૨)


**જૂન - ૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત
**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**
આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

**મુંબઈ કાર્યાલય:- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

| | |
|---|---|
| શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ શાહ, શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (માતૃશ્રી શારદાબેન મહાસુખલાલ શાહના સ્મરણાર્થે - અબજી મહેતાનો પાડો) | ૭,૦૦,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી શાતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૧,૦૦૦ |
| જે.કે. ફાઉન્ડેશન (રાજેન્દ્રાબેનના જન્મદિન નિમિત્તે) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી કોકીલાબેન વિનુભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી પ્રવિણભાઈ મણિલાલ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી હિરલબેન વિમેશભાઈ દોશી | ૨૧,૦૦૦ |
| શ્રી કેશરીયાજી આદેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૦,૦૦૦ |
| શ્રીમતી સુર્યબાળાબેન કીર્તિભાઈ શાહ (હસ્તે. શ્રીમતી જાસુદબેન મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર) | ૨૦,૦૦૦ |
| શ્રી પંકજભાઈ પી. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પલ્લવીબેન અમિતભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી નિરંજનભાઈ જે. પરીખ | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રી ચિનુભાઈ સુંદરલાલ શાહના આત્મશ્રેયાર્થે હસ્તે શ્રી હિતેશભાઈ, જિજ્ઞેશભાઈ (મણિયાતી પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી સિમલા હાઉસ જૈન સંઘ | ૧૦,૦૦૦ |
| શ્રી મહાવીરજી (અમદાવાદ) | ૧૦,૦૦૦ |
| શ્રી ચંપકલાલ સ્વરૂપચંદ શાહ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## સાભાર સ્વીકાર

**મંડળ શતાબ્દી ઉજવણી જનરલ રીલીફ ફંડ :**

૫,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)

**શતાબ્દિ ગૌરવ કોરપસ ફંડ :**

૩,૬૭,૦૦૦/- શ્રી નિરંજનભાઈ ચીમનલાલ શાહ (ચોધરીની શેરી)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૫,૦૦,૦૦૦/- શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી) શ્રીમતી વિમળાબેન પ્રેમચંદ જીવાચંદ શાહના સ્મરણાર્થે

**આર્થિક સહાય ભેટ :**

૧,૫૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન સાધર્મિક ફાઉન્ડેશન (મરીનડ્રાઈવ)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)

૩૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન હિંમતલાલ શાહ પરિવાર (ઢંઢેરવાડો)

**વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણી ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)

**દિવ્યાંગઉત્કર્ષ / શિક્ષણ સહાય / દવા સહાય ભેટ :**

૩૦,૦૦૦/- શ્રીમતી કોકીલાબેન વિનુભાઈ શાહ (ચોધરીની શેરી)

**દિવ્યાંગ પ્રવાસ ભેટ :**

૨૧,૦૦૦/- શ્રી જે.કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો) શ્રીમતી રાજેન્દ્રાબેન જિતેન્દ્રભાઈ શાહના જન્મદિનની ખુશાલીમાં.

૨૦,૦૦૦/- શ્રી ધર્મિષ્ઠાબેન સતીષભાઈ મેહતા શ્રી અંકિતભાઈ યશમુખભાઈ શાહના સ્મરણાર્થે

**હેલ્થકેર સાધન ભેટ :**

૫,૦૦૦/- શ્રી દિનેશભાઈ તલકચંદભાઈ શાહ

## અભિનંદન

❑ **Dr. Vaibhavi** A. Sonetha, daughter of Mr. Yatin Pratapchand Shah, Dhandherwado, Patan, has been granted the **'PATENT CERTIFICATE' by Indian Institute of Technology, Mumbai**, for **'An Intraductal Patent Ductus Arteriosus Occlusion Device & Method For Making The Same' in Biomedical Science.** She has been serving as Assistant Professor in D. J. Sanghvi College of Engineering, Mumbai in Biomedical Engineering Department since last 16 years.

Congratulations to Dr. Vaibhavi A. Sonetha and we wish her all the best for her bright future.

❑ **Mr. Yatin** Pratapchand Shah (Dhandher Wado) has been elected in the Individual **Member Category of the Western Region of IIF by The Institute of Indian Foundrymen (IIF), Kolkatta** for the period of 2019-2021. He was a member of Western Regional Council for the year 2018-2020. Congratulations to Mr. Yatinbhai for your achievement.

❑ **શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ (ગોરેગામ-તંબોલીવાડો) ની** લોકોપયોગી સામાજિક સેવાઓને બિરદાવતા **ભારતીય જનતા પક્ષ દ્વારા ગોરેગામ વિધાનસભાના ગુજરાતી સેલ અધ્યક્ષ પદે** નિમણૂંક કરેલ છે તે બદલ અભિનંદન

PATOLA OF PATAN PVT. LTD
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.
Discover the magic of 1000 years old Patola......
Ashokbhai Salvi 09925233484 | Viral Salvi 09925651695 | Ujjaval Salvi 09825448498 | Nirmal Salvi 09898143484
Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | કુસુમબેન મહાસુખલાલ શાહ | ૯૧ | બોરીવલી | ૨૧-૦૬-૧૯ | જેઠ વદ ૦૪ |
| દશા પોરવાળ | ચોધરીની શેરી | અતુલભાઈ રજનીકાંત શાહ *● | ૫૯ | અંધેરી | ૨૬-૦૬-૧૯ | જેઠ વદ ૦૯ |
| દશા ઓસવાલ | કસુંબીયા વાડો | દિનાબેન હસમુખભાઈ પરીખ | ૬૯ | મલબારહીલ | ૧૦-૦૭-૧૯ | અષાઢ સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | પુષ્પાબેન રસિકલાલ જૈન | ૮૬ | શીરપુર | ૧૪-૦૭-૧૯ | અશાઢ સુદ ૧૩ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## મંડળ સંચાલિત ''દિશા'' કાર્યશાળાની પ્રવૃત્તિઓ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **કીર્તિયશસુરિશ્વરજી મ.સા.** ધૂપ પૂજા અંગેના તેમના લખાણમાં જણાવે છે કે,

**''અમે ધૂપની પૂજા કરીએ કે, ઓ મન માન્યા મોહનજી !''**

''પરમાત્માની સુગંધી, ઉત્તમ દ્રવ્યથી બનેલ ધૂપથી પૂજા કરી આપણે ઊર્ધ્વગતિ - મોક્ષગતિ મેળવવાની પ્રાર્થના કરવાની હોય છે.

ધૂપ પૂજા પ્રભુની ડાબી તરફ કરવાની હોય છે. ધૂપ પ્રગટાવીને દક્ષિણાવર્ત ફેરવી પ્રભુની ડાબી તરફ ધૂપદાણીમાં પધરાવવાનું હોય છે. ધૂપ પૂજાથી મિથ્યાત્વની દુર્ગંધ દૂર કરવાની છે અને સમકિતની સુવાસ પ્રગટાવવાની છે.

શુદ્ધ કપૂર, બરાસ, કેસર, ચંદન (સુખડ), અગર, તગર વગેરે સુગંધી વસ્તુઓ ધૂપમાં વપરાય છે. કંદરૂપ, શેલારસ, દશાંગ, અષ્ટાંગ વગેરે ધૂપો વિખ્યાત ગણાતા હતા. ધૂપપૂજા કરીને ગુણવર્મા રાજાના એક પૂત્રે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. સત્તરભેદી પૂજામાં ખાસ ધૂપપૂજા બતાવેલી છે. **પૂ. આત્મારામજી મહારાજ લખે છે કે -**

**''મેરે જિણંદ કી ધૂપ સે પૂજા, કુમતિ કુગંધી દૂર હરી રે''**

**ચાલો ! આપણે પણ સ્વદ્રવ્યથી લાવેલા ધૂપથી પ્રભુજીની ધૂપ પૂજા કરી પવિત્ર બનીએ !''**

વાલકેશ્વર સ્થિત **બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ** પ્રેરિત **''દિશા'' દિવ્યાંગ ઉત્કર્ષ કાર્યશાળા જે શ્રી પાટણ જૈન મંડળના સંચાલન હેઠળ ચાલી રહી છે અને દિવ્યાંગ બાળકો દ્વારા વિવિધ વસ્તુઓ જેવી કે ભગવાનની આંગી, હાર, જ્યુટ બેગ, ગિફ્ટ બેગ, રાખડીઓ, દિવાળી દિવા, માતાજીની ચુંદડી અને સૌથી વધારે જેનું ઉત્પાદન થાય છે તે છે ધૂપ.** જેની સૌથી વધુ ખપત વાલકેશ્વરના જૈન દહેરાસર દ્વારા થાય છે. કનાસાકલ્યાણ કેન્દ્ર પણ દર વર્ષે તેમના દ્વારા થતાં વિતરણોમાં ''દિશા'' દ્વારા ઉત્પાદિત ધૂપનું પણ વિતરણ કરી દિવ્યાંગોની ઉપર્યુક્ત સંસ્થાને આર્થિક રીતે મદદરૂપ થાય છે. **કુંભારીયા પાડાના શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહે કરેલ સંકલ્પ અને સખાવતના પરિણામે ચાલુ વર્ષે પાટણના ૧૦૦ થી વધુ જિનાલયોમાં દર મહિને ''દિશા'' દ્વારા ઉત્પાદિત ધૂપનો એક ડબ્બો સમર્પિત કરવામાં આવે છે તે બદલ દાતાશ્રીની ખૂબ ખૂબ અનુમોદના... !**

''દિશા'' દ્વારા ઉત્પાદિત ઉપર્યુક્ત અન્ય સામગ્રીના વિતરણમાં સહભાગી થઈ આપ સૌ દિવ્યાંગોના ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિમાં સહયોગ પ્રદાન કરી બાળકોને પગભર થવા માટે નિમિત્ત બનશો.

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ સંબંધના પ્રતિક સમા રક્ષાબંધન તહેવાર નિમિત્તે ''દિશા'' કાર્યશાળા દ્વારા વિવિધ રંગ અને ડિઝાઈનની રાખડીઓનું નિર્માણ થાય છે, જેનું વિતરણ મુંબઈ ખાતે નીચે જણાવેલ બહેનો દ્વારા કરવામાં આવે છે.

**શ્રીમતી હીના યશમુખભાઈ શાહ (વાલકેશ્વર) ૯૮૨૦૪૮૭૦૯૭**
**શ્રીમતી નયનાબેન નરેશભાઈ શાહ (મરીનડ્રાઈવ) ૯૮૩૩૨૭૮૮૮૭**
**શ્રીમતી યામીનીબેન ભુપેન્દ્રભાઈ શાહ (કાંદિવલી) ૯૯૩૦૦૬૬૯૨૪**

**સંસ્થા દ્વારા ઉત્પાદિત રાખડીઓ ખરીદી દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવાના સંસ્થાના કાર્યમાં સૌનો સહકાર અપેક્ષીત છે.**

## મળવા જેવા માણસ... !

આપણા દૈનિક જીવનમાં આપણે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે અનેક લોકોના સંપર્કમાં આવીએ છે, કેટલાંક સાથેના સંવાદો, સ્નેહ અને સરળતા હૃદય સ્પર્શી અને વારંવાર વાગોળવા ગમે તેવા હોય છે. આવોજ એક સુખદ પ્રેરણાદાયક અનુભવ શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિને તાજેતરમાં થયો જે વાંચવો સૌને જરૂર ગમશે.

''સમાજના એક વરિષ્ઠની સર્જરી કરાવવાની અરજી ડોક્ટરના ભલામણ પત્ર અને અંદાજીત ખર્ચની રકમ સાથે સંસ્થામાં આવી હતી, જે અંગે મેડિકલ સમિતિની મિટીંગમાં ચર્ચા-વિચારણા કરતા ઓપરેશન તાત્કાલિક કરવું પડે એમ જાણવા મળ્યું. સમિતિના સભ્યએ ડૉક્ટરને ફોન કર્યો જેમાં સ્વાભાવિક રીતે જણાવ્યું કે, ''હું શ્રી પાટણ જૈન મંડળમાંથી બોલું છું, અમારા વડીલશ્રીનું ઓપરેશન કરવાની ભલામણ કરતી તેમની અરજી સાથે આપનો હૉસ્પિટલનો અંદાજીત ખર્ચની રકમનો કાગળ મળ્યો છે. Urgencyમાં આજે ને આજેજ પણ ચેક લખીએ તો ક્લીયર થતાં બે દિવસ લાગે. આપ કંઈક Consider કરો તો મહેરબાની. સામેથી ડૉક્ટરનો ઉત્તર મળ્યો **''મારા પણ એ વડીલ છે, તમારો ચેક નહીં પણ આવે તો એમનું કાલે ઓપરેશન તો થશેજ.''** વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે **''૩૦% રકમ ઓછી કરીને ચેક મોકલજો મને પણ સાધર્મિક ભક્તિનો લાભ મળે.''** તદ્ ઉપરાંત ડૉક્ટરે જણાવ્યું કે **''તમારા સમાજના આ વિસ્તારમાં વસતા કોઈપણ સભ્યને મારી સેવાની જરૂરત હોય તો જરૂરથી મોકલશો.''**

**ડૉક્ટર મીલન જે. સલોટ (M.S. (GENERAL SURGERY) નું રવિ સર્જીકલ નર્સીંગ હોમ ભાયંદર (વે)માં છે** અને આપણા સમાજના સભ્યોને એમની સેવાનો જ્યારે પણ લાભ લેવો હોય તો પ્રથમ આપણા ભાયંદરના સક્રિય સભ્ય **શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ મો. ૯૩૨૧૧૫૦૧૬૦નો સંપર્ક કરવો.**

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી એવી સૌને ભલામણ છે. શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિના સભ્યો ડૉ. મીલનભાઈને પ્રત્યક્ષ મળ્યા નથી છતાં સંસ્થાની સાખ અને સદ્કાર્યોની સુવાસના પરિણામ સ્વરૂપ સમાજને ઈતર સમાજના સેવાભાવી ડૉક્ટર પાસેથી ઉમદા સહયોગ મળે છે તે આપણા સૌનું સૌભાગ્ય છે.

ડૉ. મીલનભાઈની આ ઉદાત ભાવનાને હૃદયપૂર્વક બિરદાવતા હર્ષ અનુભવાય છે.

❑ **મેડિકલ સમિતિ**

**લોક સેવા એજ પ્રભુ સેવા છે,**
**એવું જે જ્ઞાન થયું તેને હું ઈશ્વરનો**
**સાક્ષાત્કાર કહું છું...**
**બાકીએ કંઈ દેખાતા નથી.**
**- સ્વામી આનંદ**

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB • July 2019 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# હાર્દિક નિમંત્રણ

## શ્રી પાટણ જૈન મંડળ આયોજીત
## શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
## સ્મૃતિ વ્યાખ્યાન

**રવિવાર, તા. ૨૫-૦૮-૨૦૧૯**

**સમય** : સવારે ૯.૩૦ કલાકે
**વિષય** : સફળ જીવનના આધ્યાત્મિક સૂત્રો
**વક્તા** : શ્રી વલ્લભભાઈ ભંશાલી
**સ્થળ** : હિન્દી વિદ્યાભવન સભાગૃહ
૭૯, પાટણ જૈન મંડળ માર્ગ,
મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦

### શ્રી વલ્લભભાઈ ભંશાલી (એનામ સિક્યોરિટિઝ)


શ્રી વલ્લભભાઈ ભંશાલી

૪૦ વર્ષની લાંબી કારકિર્દીમાં CA, રોકાણકાર, ઈન્વેસ્ટમેન્ટ બેંકર અને બિઝનેસમેન રહી ચૂક્યા છે. તેઓની પાસે Lawની ડિગ્રી અને પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. એનામ સિક્યોરિટીઝ પ્રા. લિ. જે એક પરિવર્તનશીલ કાર્યરત ઈન્વેસ્ટમેન્ટ બેન્ક છે તેના ચેરમેન અને સહ સ્થાપક છે. તેઓ છેલ્લા ત્રણ દાયકાથી વિપશ્યનાના સાધક છે. તેઓ વ્યાપાર, મિડિયા, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે વિખ્યાત છે. તેઓ ગ્લોબલ વિપશ્યના ફાઉન્ડેશનના ચેરમેન, BSE ના ટ્રસ્ટી અને હાલમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, વેસ્ટર્ન ઝોનના ડિરેક્ટર છે.

તેમણે એક ટીવી. શૉ 'કૌન હૈં ભારત ભાગ્ય વિધાતા'નું નિર્દેશન પણ કર્યું છે. શ્રી તિર્થંકર મહાવીર યુનિર્વસિટી દ્વારા તેઓને માનદ્ ડોક્ટરેટની પદવી આપવામાં આવી છે. FLAME કે જે પ્રખ્યાત અને innovative Liberal Arts University છે તેના તેઓ ફાઉન્ડર ડાયરેક્ટર છે.

❑ **પ્રોગ્રામ સમિતિ**

---

SOMIRA PATAN Premier League PPL Mukesh Patni

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા ચાલુ સાલે યોજાયેલ પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટમાં ભાગ લેવા સમાજના ખેલાડીઓએ તા. ૫-૮-૨૦૧૯ લુધી ઓનલાઈન પોતાના નામ રજિસ્ટ્રેશન કરાવવાના રહેશે. તેમજ રજિસ્ટ્રેશનના રૂા. ૨૦૦૦/- તથા દરેક ખેલાડીએ ફોટો પણ ફરજિયાત સંસ્થાના નીચે મુજબના ત્રણેય કાર્યાલયો ખાતે કામકાજના સમયે ભરપાઈ કરવા વિનંતી. https://patanmandal.org/registration

પ્રત્યેક ખેલાડીએ રૂા. ૨૦૦૦/- રજિસ્ટ્રેશન ફીના ભરવાના રહેશે, પ્લેયર ઓક્શન પશ્ચાત માત્ર અનસોલ્ડ ખેલાડીઓને જ રજિસ્ટ્રેશન ફી પરત કરવામાં આવશે જેની નોંધ લેવી.

**મુખ્ય કાર્યાલય :** શ્રી પાટણ જૈન મંડળ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઇવ, મુંબઇ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧ ૧૩૪૬/૨૨૮૧ ૧૨૧૮ મોબાઈલ : ૮૭૭૯૧૬૧૨૦૯

**શાખા કાર્યાલય :** બોરીવલી : એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૬૮. ફોન : ૨૮૯૧ ૧૩૦૮
ગોરેગામ : રૂપમ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ), મુંબઇ-૬૨. ફોન : ૨૮૭૭ ૬૦૯૦

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | PJM | Sun | 25 Aug | Shravan V 09 | 10 am to 1 pm | Hindi Vidhyabhavan | Smruti Vyakhyan |
| 2. | PJM | Sun | 24 Nov. | Kartak V 13 | 9 am to 9 pm | NSCI Dome, Worli | Centenary Celebration |
| 3. | Vidhyalay | Sat, Sun | 14-15 Dec. | Mag V. 2. 3 | | Patan | |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,